પીએફ થાપણ પર વ્યાજદર વધારાયો

૮.૫૦ ટકાના વ્યાજદરની સરખામણીમાં વર્તમાન નાણાંકીય વર્ષ માટે ૮.૭૫ ટકા વ્યાજદર આપવાની જાહેરાત

નવી દિલ્હી,તા. ૧૩

એમ્પ્લોઈસ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ)એ આજે વર્ષ ૨૦૧૩-૧૪ માટે પીએફ થાપણો ઉપર ૮.૭૫ ટકા વ્યાજદર આપવાનો નિર્ણય કર્યો હતો. ગયા વર્ષે આપવામાં આવેલા ૮.૫૦ ટકાના વ્યાજદરની સરખામણીમાં વર્તમાન નાણાંકીય વર્ષ માટે ૮.૭૫ ટકા વ્યાજદર આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આની સાથે જ તીવ્ર મોંઘવારીના ગાળામાં આઠ કરોડ ગ્રાહકોને વધુ રિટર્ન મળી શકશે. કેન્દ્રીય શ્રમ પ્રધાન ઓસ્કાર ફર્નાન્ડીસ દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. ઈપીએફઓના સેન્ટ્રલ બોર્ડની બેઠક આજે સવારે યોજાઈ હતી જેમાં વર્ષ ૨૦૧૩-૧૪ માટે વ્યાજદરના મુદ્દા ઉપર વ્યાપક ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આખરે ૮.૭૫ ટકાનો વ્યાજદર ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ બેઠકનું નેતૃત્વ શ્રમ પ્રધાન ઓસ્કાર ફર્નાન્ડીસે કર્યું હતું. તેના મૂડીરોકાણ ઉપર હાંસલ કરવામાં આવેલા વ્યાજ ઉપર ઈપીએફઓએ રેટ નક્કી કરવાનું વલણ અપનાવ્યું છે. ઈપીએફઓ પાંચ લાખ કરોડથી વધુ સર્પ્લસ નાણાં ધરાવ છે. કેટલાક ભારતીયો માટે રિટાયર્ડ ફંડના મૂળભૂત સોર્સ ઉપર તે આધાર રાખે છે. અલબત્ત ઈપીએફઓએ શરૂઆતમાં ૮.૫ ટકાના વ્યાજદરને યથાવત્ રાખવાની તૈયારી કરી હતી પરંતુ વધારે ફંડ મળી આવતા હવે અગાઉ કરતા વધુ ૮.૭૫ ટકા વ્યાજદર ચૂકવવાનો નિર્ણય કર્યો છે. આનો મતલબ એ થયો કે વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. કર્મચારી

યુનિયનો દ્વારા ઓછામાં ઓછા નવ ટકાના રિટર્નની માગણી કરવામાં આવી રહી હતી પરંતુ ઓસ્કાર ફર્નાન્ડીસે કહ્યું છે કે ઈપીએફઓની કમાણીના આધાર ઉપર વ્યાજદર રહે છે. અમે સબસીડીના આંકડા ઉપર પણ ધ્યાન આપી રહ્યા છીએ. ઈપીએફઓની વર્તમાન નાણાંકીય વર્ષમાં ૨૧૦૦૦ કરોડની કમાણીનો અંદાજ છે. ૯ ટકાના વ્યાજદરનો મતલબ એ થાય કે ૧૨૦૦ કરોડ રૂપિયાનો વધારાનો બોજ પડી શકે છે. ચૂંટણી પહેલાં ઊંચી ચૂકવણીથી સરકારને કેટલાક અંશે ફાયદો થશે. ભાવ વધારાને લઈને યુપીએ સરકાર ટીકા ટિપ્પણીનો સામનો કરી રહી છે. ભાવવધારાના કારણે મધ્યમ વર્ગ-સામાન્ય વર્ગને વપરાશ ઉપરના ખર્ચ તથા મૂડીરોકાણમાં કાપ મૂકવા ફરજ પડી છે.

૩૦ પોલીસ જવાનો ૨૪ કલાક રહેશે

કેજરીવાલને ઝેડ સુરક્ષા પૂરી પાડવા અંતે નિર્ણય

ગાજિયાબાદ,તા. ૧૩

કોઈ પણ પ્રકારના સુરક્ષાછત્રને લેવાના દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ઈન્કાર છતાં ગાજિયાબાદ પોલીસે આજથી તેમના રક્ષણ માટે ઝેડ કેટેગરીની સુરક્ષા ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કર્યો છે. જિલ્લા પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલી સુરક્ષા યોજના મુજબ કેજરીવાલને સુરક્ષા ઉપલબ્ધ કરાવવા ચોવીસ કલાક ૩૦ પોલીસ જવાનો તૈનાત રહેશે. કેજરીવાલ હાલમાં ગાજિયાબાદના કોસામ્બી વિસ્તારમાં તેમના ગિરનાર એપાર્ટમેન્ટમાં એક ફ્લેટમાં રહે છે. કેજરીવાલ આ ફ્લેટમાં તેમના પરિવાર સાથે રહે છે. કેજરીવાલે અગાઉ સુરક્ષાછત્ર ઉપલબ્ધ કરાવવાની ગાજિયાબાદના એસએસપીની ઓફરને ફગાવી દીધી હતી. દિલ્હી મુખ્યમંત્રીના ઈન્કાર છતાં પોલીસે ઝેડ કેટેગરીની સુરક્ષા કેજરીવાલને ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કરાયો છે. બે પર્સનલ સિક્યુરિટી ઓફિસર દિલ્હીના મુખ્યમંત્રીના સુરક્ષા પાસાના ભાગરૂપે તૈનાત રહેશે. એસએસપી ધર્મેન્દ્રસિંહે કહ્યુ છે કે કેજરીવાલ પાસે બે એસ્કોર્ટ વાહનો રહેશે જેમાં બે હેડ કોન્સ્ટેબલ, છ કોન્સ્ટેબલ અતિ આધુનિક સુવિધા અને હથિયારો સાથે રહેશે. ગાજિયાબાદમાં જ્યારે પણ ક્યા જશે ત્યારે તેમની સાથે આ સુરક્ષા રહેશે.

હવે આપ જનતા દરબાર નહીં યોજે

નવી દિલ્હી,તા. ૧૩

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે કહ્યુ હતુ કે આમ આદમી માટે હવે કોઈ પણ વધુ જનતા દરબાર યોજવામાં આવશે નહીં. દિલ્હીના મુખ્યમંત્રીએ જાહેરાત કરી હતી કે જનતા દરબાર યોજવાના બદલે તેઓ એક સમાહમાં એક વખત લોકોને મળશે. જો કે આ બેઠક દરમિયાન કોઈ પણ ફરિયાદોને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. દિલ્હી સરકારે તેમની ફરિયાદો ઓન લાઈન રજુ કરવા લોકોને કહ્યુ હતુ સાથે સાથે કોલ કરીને પણ જાણ કરી શકાય છે. આ હિલચાલ એવા સમયે આવી છે જ્યારે દિલ્હી સરકારના પ્રથમ જનતા દરબારમાં ભારે અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી અને લોકોમાં અંધાધૂંધીના કારણે અવ્યવસ્થા સર્જાઈ ગઈ હતી.



ભાગદોડની મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. ખૂબ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતા અવ્યવસ્થા થઈ હતી જેના કારણે કેજરીવાલને પણ અધવચ્ચે જનતા દરબારમાંથી જતા રહેવાની ફરજ પડી હતી. ભીડ બેકાબૂ થઈ ગઈ હતી. મુખ્યમંત્રીને મળવા માટે પડાપડી થઈ ગઈ હતી. લોકો વચ્ચે મારામારી સુધીની સ્થિતિ સર્જાઈ ગઈ હતી ત્યાબાદ સૌથી પહેલા ત્રણ-ચાર દિવસ સુધી જનતા દરબાર નહીં યોજવાનો નિર્ણય કેજરીવાલે કર્યો હતો અને હવે કોઈ પણ જનતાદરબાર નહીં યોજવાનો આજે નિર્ણય કર્યો હતો. ગયા શનિવારે દિલ્હી સરકારે જનતાદરબારની શરૂઆત કરી હતી. ગેરસંચાલન અને લોકોના ધસારાના લીધે આ સ્થિતિ સર્જાઈ હતી. કેજરીવાલે તેમના કેબિનેટ સાથે દર શનિવારે દરબાર યોજવાની જાહેરાત કરી છે. અન્ય દિવસોમાં એક પ્રધાન સામાન્યલોકોની ફરિયાદ લેવા માટે બેસશે. કેજરીવાલની આ હિલચાલને મોટી પીછેહઠ તરીકે જોવામાં આવે છે. લોકો અને વિરોધપક્ષોને આની સામે નવું હથિયાર મળે તવી શક્યતા દેખાઈ રહી છે.

મુંબઈમાં વધારો ૧૧ રૂપિયાથી પણ વધુ હશે

સીએનજી કિંમતમાં એપ્રિલથી ૮ રૂપિયાનો નોંધપાત્ર વધારો

ગ્રેટર નોઈડા,તા. ૧૩

સીએનજીની કિંમતમાં એપ્રિલથી પ્રતિકિલોગ્રામ આઠ રૂપિયાનો તીવ્ર વધારો કરવામાં આવે તેવી શક્યતા છે. કુદરતી ગેસની કિંમત એ દિવસથી બેગણી થઈ જવાના સંકેત દેખાઈ રહ્યા છે. સરકારે હાલમાં જ આ સંબધમાં મહત્વપૂર્ણ સંકેતો આપ્યા હતા. સરકારે શુક્રવારના દિવસે તમામ સ્થાનિકરીતે ઉત્પન્ન કરતા કુદરતી કેસની કિંમતના સંદર્ભમાં સૂચનો જારી કર્યા હતા. અહેવાલ મુજબ ગેસની કિંમતમાં વધારો કરવામાં આવશે. ઓઈલ મંત્રાલયનું કહેવું છે કે સ્થાનિક ગેસની કિંમતમાં પ્રતિમિલિયન બ્રિટીશ થર્મલ યુનિટ એક ડોલર વધશે. જેથી શહેરોમાં સીએનજીની કિંમતમાં વધારો થશે. મુંબઈ જેવા શહેરોમાં આ વધારો વધારે રહેશે જ્યારે ગુડગાવ અને ફરિદાબાદમાં સ્થાનિકરીતે ગેસનું વેચાણ કરવામાં આવશે. મુંબઈ જેવા શહેરોમાં કુદરતી ગેસની કિંમતમાં વધારો કિલોદીઠ ૧૧.૭૨ રૂપિયાનો રહેશે જ્યારે દિલ્હીમાં કિલોદીઠ ૮.૨ રૂપિયાનો વધારો થશે. ગયા મહિનામાં દિલ્હીમાં સીએનજીની કિંમતમાં વધારો કરવામાં આવ્યો હતો. અધિકારીનું કહેવું છે કે ગેસ કિંમતમાં એક ડોલર પ્રતિ એમબીટીયુ વધારો કરાશે તો યુરિયા ઉત્પાદન ખર્ચમાં ટનદીઠ ૨૪.૮૯૩ ડોલરનો વધારો થશે.

૧૮મીથી રાષ્ટ્રીય પરિષદની બેઠક યોજાશે

લોકસભા ચૂંટણી તૈયારીને વધુ ધારદાર કરવા ભાજપ સુસજ્જ

નવી દિલ્હી,તા.૧૩

ભાજપની રાષ્ટ્રીય પરિષદની બેઠક પાટનગર દિલ્હીના ઐતિહાસિક રામલીલા મેદાનમાં ૧૮ અને ૧૯મી જાન્યુઆરીના દિવસે યોજાનાર છે જેમાં દેશભરના પાર્ટી નેતા ભાગ લેનાર છે. આમા લોકસભા ચૂંટણીની તૈયારીને વધુ અસરકારક બનાવવા અને લોકોનો સીધો સંપર્ક કરવાના પાસાં ઉપર અંતિમ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. બેઠકમાં રાજકીય અને આર્થિક ઠરાવ પણ પસાર કરવામાં આવશે. રાજકીય ઠરાવમાં દેશના રાજકીય ચિત્ર ઉપર ચર્ચા કરવામાં આવશે. સાથે સાથે ભ્રષ્ટાચાર અને કૌભાંડના મુદ્દા ઉપર કેન્દ્ર સરકારને ભીષમાં લેવાની રણનીતિ ઉપર પણ વિચારણા કરાશે. આર્થિક ઠરાવમાં મોંઘવારી, આર્થિક સંકટ અને બેરોજગારી ઉપર સરકારની નિષ્ફળતાઓનો પર્દાફાશ કરવા રણનીતિ તૈયાર કરવામાં આવશે.

મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહ અને રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેને બેઠકમાં બોલાવવામાં આવશે. ભાજપ આ રાજ્યોમાં ભારે બહુમતી સાથે વિધાનસભાની ચૂંટણી જીતવામાં સફળ રહી છે. દિલ્હીમાં ભાજપ સત્તા ઉપર આવી શકી નથી પરંતુ ગયા વખતની સરખામણીમાં આ વખતે શાનદાર દેખાવના કારણે હર્ષવર્ધનને પણ આ બેઠકમાં સામેલ કરવામાં આવશે. ભાજપની રાષ્ટ્રીય પરિષદની બેઠકને લઈને આક્રમક તૈયારી પણ કરવામાં આવનાર છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદ આમ આદમી પાર્ટીની દેશમાં વધતી જતી લોકપ્રિયતાને રોકવા અને મોદીના જાદુને જગાવવાના પ્રયાસ કરવામાં આવશે.

આમ આદમી પાર્ટીની લહેરને કઈ રીતે રોકવામાં આવે તે મુદ્દો પણ હાથ ધરવામાં આવશે. રાષ્ટ્રીય પરિષદની બેઠક માટે એજન્ડાને આખરી ઓપ આપવા ૧૭મી જાન્યુઆરીના દિવસે રાષ્ટ્રીય કારોબારીની બેઠક યોજાશે. પક્ષના મહાસચિવ અનંત કુમારે કહ્યું છે કે ચાર રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી પરિણામોથી એક બાબત સ્પષ્ટ થઈ ચૂકી છે કે કોંગ્રેસ ચૂંટણી સ્પર્ધામાંથી બહાર થઈ ચૂકી છે. બદલાયેલી પરિસ્થિતિમાં તેની જગ્યાને ભરવાની બાબત ભાજપ માટે પડકારરૂપ છે. પાર્ટીને ૨૭૨ પ્લસ બેઠકો જીતવા માટે વધારે તાકાત સાથે મેદાનમાં ઉતરવાની જરૂર પડશે. રાષ્ટ્રીય પરિષદમાં નવી રણનીતિ ઉપર વિચારણા થશે. ભાજપ માને છે કે જુદા જુદા પ્રદેશોમાં જુદા જુદા પક્ષો સાથે સ્પર્ધા રહેશે. પ્રાદેશિક સ્થિતિ મુજબ જ ચૂંટણી રણનીતિ નક્કી કરાશે. ઉત્તર પ્રદેશ અને બિહારને ચૂંટણી સફળતાની દૃષ્ટિથી વધારે મહત્વ આપવામાં આવશે. રાષ્ટ્રીય પરિષદ લોકસભા ચૂંટણીની રણનીતિની રૂપરેખા પણ તૈયાર કરશે. આમા ૧૦ હજાર નેતાઓ ભાગ લે તેવી શક્યતા છે. જેમાં પાર્ટીના તમામ સાંસદ, મુખ્યમંત્રી, ધારાસભ્ય અને દેશભરના તમામ જિલ્લા એકમોથી આવેલા મોટા પ્રતિનિધી ભાગ લેશે. લોકસભા ચૂંટણી પહેલા પાર્ટીની આ સૌથી મોટી બેઠક હશે.

નક્સલી સમસ્યા પર જનમત સંગ્રહના સૂચનોથી હોબાળો

નવી દિલ્હી,તા.૧૩

જમ્મુ કાશ્મીરના કેટલાક વિસ્તારોમાંથી સૈનાને ખસેડવાના મુદ્દે જનમત કરાવવામાં આવે તેવું નિવેદન કરીને આમ આદમી પાર્ટી માટે નવી સમસ્યા ઊભી કરનાર આમ આદમી પાર્ટીના નેતા પ્રશાંત ભૂષણે હવે નક્સલી સમસ્યાને લઈને પણ જનમત સંગ્રહ કરાવવાની માંગ કરી દીધી છે. આ પ્રકારનું નિવેદન કરીને પ્રશાંત ભૂષણે ફરી વિવાદ છેડી દીધો છે.ભૂષણે નક્સલી વિસ્તારોમાં સુરક્ષાદળોની તૈનાતીને લઈને જનમત સંગ્રહ કરાવવાની તરફેણ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં જ એક ટીવી કાર્યક્રમમાં ભૂષણે કાશ્મીરમાં સૈનાની તૈનાતીના મુદ્દે જનમત સંગ્રહની તરફેણ કરી વિવાદ છેડી દીધો હતો જેના કારણે પ્રશાંત ભૂષણ અને આમ આદમી પાર્ટીને અપમાનિત સ્થિતિનો સામનો કરવો પડ્યો હતો.

નક્સલી વિસ્તાર અંગે ભૂષણ દ્વારા કરવામાં આવેલા સૂચન સામે ભાજપે જોરદાર વાંધો ઉઠાવ્યો છે. આમ આદમી પાર્ટીએ ફરી એકવાર ખુલાસો કરીને કહ્યું છે કે આ મુદ્દો તેમનો પોતાનો છે. ભાજપના પ્રવક્તા નિર્મલા સીતારામને કહ્યું છે કે આ પ્રકારના નિવેદનથી સમસ્યાને ઉકેલવા માટે રાજ્ય સરકારની મદદથી કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાંને અસર થશે. સાથે સાથે સુરક્ષાદળોના આત્મ વિશ્વાસને અસર થશે. ભાજપે આમ આદમી પાર્ટીના નેતૃત્વ અને દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલને આ અંગે વલણ સ્પષ્ટ કરવા કહ્યું છે. સીતારામને કહ્યું છે કે આટલા ગંભીર અને સંવેદનશીલ મુદ્દા ઉપર ભાજપ આશ્ચર્યમાં છે.

સમાચાર ઝલક

- સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ સ્વતંત્ર કુમાર સામે જાતીય સતામણીની ફરિયાદ દાખલ કરાઇ.
- અદાણી પોર્ટને લગતો હાઇકોર્ટનો મહત્ત્વનો ચુકાદો, પર્યાવરણને નુકશાન કરતા એકમો બંધ કરો.
- અમદાવાદ વિમાની મથકને એલર્ટ રહેવા તંત્રની સૂચના.
- દિલ્હીમાં જનતા દરબાર નહી યોજાય.
- કોલસા કૌભાંડનો અહેવાલ સુપ્રીમમાં રજૂ થયો.
- ટોલટેક્સના લીધે કોલ્હાપુર બંધ રહ્યું.
- અરવિંદ કેજલીવાલ પર માફીયાનો ભય.
- પ્રોવિડન્ડ ફંડ પર ૮.૭૫ ટકા વ્યાજ મળશે.
- સલમાનખાન નારાયણ ફાર્મમાં ઉત્તરાયણ કરશે.
- સાઉથ કોરિયા ભારતમાં અણુ પ્લાન્ટ સ્થાપશે.
- ઇન્ડોનેશિયામાં જવાળામુખી ફાટતાં ૨૫૦૦૦ લોકો હિજરત કરી ગયા.
- પ્રિયંકા ગાંધી વાઢેરા અમેઠી, રાયબરેલી પુરતો પ્રચાર કરશે.
- ભારત પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપશે : સેના અધ્યક્ષ
- ભાગલપુરમાં દેશી બોમ્બ ફુટવાથી અનેકને ઇજા.
- અફઘાનિસ્તાનમાં પોલીસ જવાનો પર હુમલો.
- ઓસ્ટ્રેલિયામાં બેકાબૂ આગ હજુ પણ ચાલુ.
- રાંધણ ગેસ સિલેન્ડર પર ૧૦૦ રૂપિયાનો ભાવવધારો થશે.
- જીવન વિમા નિગમની ૪૫ પોલિસીઓ બંધ કરવામાં આવી.
- રીવર ફ્રન્ટ પર આંતરરાષ્ટ્રીય મહોત્સવ ચાલુ, ૧૧ થી વધુ દેશોએ ભાગ લીધો.
- શેરબજારમાં તેજી.
- અંબાજીમાં પગરખાં સાચવવા ફ્રી મુદ્દે હાઇકોર્ટે અરજી ફગાવી દીધી.

દેશમાં સતત ત્રીજા વર્ષે પણ પોલીયોનો કોઈ કેસ ન થયો

નવી દિલ્હી,તા.૧૩

ભારત પોલિયો ફ્રી દેશ બની ચુક્યુ છે. સતત ત્રીજા વર્ષે પોલીયોનો કોઈ પણ કેસ સપાટી પર આવ્યો નથી. જે ભારત માટે ખૂબ ખુશીની બાબત છે અને ગર્વ લેવાની વાત છે. ગયા વર્ષે ૧૩મી જાન્યુઆરીથી લઈને આજે ૧૩મી જાન્યુઆરી સુધીના ગાળામાં પોલીયોનો કોઈ પણ કેસ સપાટી પર આવ્યો નથી.

વધુમાં પોલીયો રોગચાળાને કાબૂમાં લેવામાં દેશને સંપૂર્ણપણે સફળતા મળી છે. ઉત્તરપ્રદેશ અને બિહાર જેવા પોલીયોના કેસો જ્યાં નોંધાય છે તેવા રાજ્યોમાં પણ ઉલ્લેખનીય ઘટાડો થયો છે. આ બંને રાજ્યોમાં વર્ષ ૨૦૧૧માં પોલીયોના કોઈ કેસ નોંધાયા ન હતા. આરોગ્ય પ્રધાન ગુલામનબી આઝાદે છઠ્ઠી જાન્યુઆરીના દિવસે કહ્યુ હતુ કે છેલ્લા બે વર્ષથી દેશમાંપોલીયોના કોઈ પણ કેસ સપાટી પર આવ્યા નથી. આજે ૧૩મી જાન્યુઆરીના દિવસે પોલીયોમુક્ત ભારતની જાહેરાત કરવામાં આવી હતી. ભારતીય આરોગ્ય વિભાગ દ્વારા તમામ પગલા સફળ સાબિત થયા છે. જો કે ભારત સરકારે પોલીયો નાબૂદીની દિશામાં પગલાઓ બંધ નહીં કરવાનો નિર્ણય કર્યો છે. પોલીયો નાબૂદી ઝુંબેશ આગામી દિવસોમાં પણ દેશભરમાં જારી રાખવામાં આવનાર છે. સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા દ્વારા પોલીયો મુક્ત દેશની જાહેરાત કરવામાં આવ્યા બાદ ભારત સત્તાવારરીતે નિવેદન કરશે અને આંકડાકીય વિગત પણ આપશે.

પોલીયો નાબૂદીની દિશામાં ભારત સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાની વિશ્વસ્તરે નોધ લેવામાં આવી છે. આવનાર દિવસોમાં પણ વધુ પગલા લેવાં આવશે. પોલીયો નાબૂદી માટે કાર્યક્રમ હજુ પણ હાથ ધરવામાં આવનાર છે. ઈતિહાસમાં બીજી વખત ભારતમાં પોલીયો નાબૂદી મારફતે આ રોગને દૂર કરવામાં સફળતા મળી છે. પોલીયો કેસોની સંખ્યા વર્ષ ૨૦૦૯માં ૭૪૧ હતી જે વર્ષ ૨૦૧૦માં ઘટીને ૪૨ થઈ હતી અને ૨૦૧૧માં માત્ર એક રહી હતી.

અરવિંદ કેજરીવાલને ટાર્ગેટ બનાવવા માફિયાની યોજના

નવી દિલ્હી,તા.૧૩

દિલ્હીના મુખ્યમંત્રી અને આમઆદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ ઉપર પણ હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. આઈબીના સૂત્રોએ આ મુજબની માહિતી આપી છે. આઈબીના સૂત્રો પાસેથી મળેલી માહિતીમાં જણાવાયું આવ્યું છે કે કેજરીવાલ ઉપર માફિયા તરફથી ખતરો તોળાઈ રહ્યો છે. માફિયા જુદા જુદા કારણોસર તેમને ટાર્ગેટ બનાવી શકે છે. કેજરીવાલ દ્વારા હાલમાં જ લેવામાં આવેલા પગલાના પરિણામ સ્વરૂપે માફિયામાં ખળભળાટ મચી ગયો છે. ટીવી અહેવાલમાં જણાવામાં આવ્યું છે કે આઈબીએ આ અંગે દિલ્હીના ઉપરાજ્યપાલ નજીબ જંગ અને અન્ય સંબંધિત

અધિકારીઓને જાણ કરી છે. કેજરીવાલને સુરક્ષાને લઈને પણ ફરી સમીક્ષા કરવામાં આવી રહી છે. અરવિંદ કેજરીવાલ હજુ સુધી સુરક્ષા લેવાનો પણ ઈન્કાર કરતા આવ્યા છે પરંતુ તેમને સુરક્ષાના મામલે કોઈ બાંધછોડ કરવામાં આવી રહી નથી. શપથ લીધા બાદ કેજરીવાલ સતત કોઈપણ પ્રકારની સુરક્ષા લેવાનો ઈન્કાર કરતા રહ્યા છે. યુપી સરકાર કેજરીવાલને ઝેડ શ્રેણીની સુરક્ષા આપવાનો નિર્ણય કરી ચૂકી છે. થોડાક દિવસ પહેલા જ કેન્દ્રીય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદેએ કબૂલાત કરી હતી કે દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલને સુરક્ષા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. શિંદેએ એમ પણ કહ્યું હતું કે વીઆઈપીની સુરક્ષાને લઈને કોઈ બાંધછોડ કરવામાં આવતી નથી. હાલમાં કેજરીવાલને માહિતી આપ્યા વગર પણ સુરક્ષા આપવામાં આવી રહી છે. અરવિંદ કેજરીવાલ ભ્રષ્ટાચાર સામે આક્રમક રીતે આગળ વધી રહ્યા છે. આવી સ્થિતિમાં માફિયામાં તેમની સામે ભારે નારાજગી પ્રવર્તી રહી છે. આ જ કારણસર કેજરીવાલને કોઈ રીતે હેરાન કરવાની યોજના માફિયા દ્વારા બનાવવામાં આવી રહી છે. હવે કેજરીવાલ ઉપર ખતરો તોળાઈ રહ્યો છે તેવા અહેવાલ બાદ સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે.

ઓસ્ટ્રેલિયન ઓપનઃ વિનસની બીજા રાઉન્ડમાં આગેકૂચ

મેલબોર્ન,તા.૧૩

ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ચેમ્પિયનશીપની આજે સવારે રોમાંચક શરૂઆત થઈ હતી. સાત વખતની ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન વિનસ વિલિયમે મહિલાઓના વર્ગમાં પ્રથમ રાઉન્ડની મેચમાં રશિયાની ૨૨મી ક્રમાંકિત ખેલાડી માકારોવા ઉપર પ્રથમ સેટ ગુમાવી દીધા બાદ ૨-૬, ૬-૪, ૬-૪થી જીત મેળવી હતી.

તીવ્ર ગરમીની સ્થિતિમાં આ મેચ અઢી કલાક સુધી ચાલી હતી. વર્ષ ૨૦૦૮ બાદથી વિનસ વિલિયમ્સ કોઈપણ ગ્રાન્ડસ્લેમ સ્પર્ધા જીતી શકી નથી. જો કે તે અનેક પ્રકારની ઈજાઓને ફિટનેશની સમસ્યાને લઈને પરેશાન રહી છે. પરંતુ હાલમાં જ ઓકલેન્ડ ઈન્ટરનેશનલમાં તેનો દેખાવ શાનદાર રહ્યો હતો જ્યાં તે ફાઈનલમાં હારી ગઈ હતી. મેલબોર્નમાં ઊંચા ઈરાદા સાથે વિનસ વિલિયમ્સ પણ મેદાનમાં ઉતરી રહી છે. તે પોતાની બહેન સેરેના વિલિયમ્સ સાથે સ્પર્ધામાં ઉતરવા માટે તૈયાર છે. મહિલાઓના વર્ગમાં આ વખતે સ્પર્ધા વધુ રોમાંચક બની રહે તેમ માનવામાં આવે છે. રશિયન ખેલાડીએ પ્રથમ સેટમાં શાનદાર દેખાવ કર્યો હતો અને પ્રથમ સેટ જીતી લીધો હતો. પ્રથમ સેટમાં માકારોવાએ ૬-૨થી જીત મેળવી હતી. માર્ગારેટ કોર્ટ એરેના ઉપર રમાયેલી આ મેચમાં વિલિયમ્સે પ્રથમ સેટ ગુમાવ્યા બાદ બીજા સેટમાં લીડ મેળવી લીધી હતી અને બીજો સેટ આખરે જીતી લીધો હતો. ત્રીજો સેટ પણ ખૂબ જ રોમાંચક બન્યો હતો. રશિયન ખેલાડીએ ત્રીજા સેટમાં વાપસી કરી હતી. દરમિયાન પુરુષોના વર્ગમાં વાવરિંકાએ તેના હરીફ ખેલાડી ઉપર જીત મેળવીને બીજા રાઉન્ડમાં આગેકૂચ કરી લીધી હતી. માત્ર ૧૫ ગેમ જ આ મેચમાં આગળ વધી શકી હતી. એ વખતે તેના હરીફ ખેલાડી આંદ્રે એ ઈજાગ્રસ્ત થતા ખસી ગયો હતો. વાવરિંકા ગયા વર્ષે ફાઈનલમાં હારી ગયો હતો. અન્ય મેચોમાં ઓછા ક્રમાંકિત ખેલાડીઓએજીત મેળવીને આગેકૂચ કરી હતી. પ્રથમ રાઉન્ડની અનેક મેચમાં ચેકગણરાજ્યની કેરોલીનાએ ફ્રાન્સની ખેલાડી પોલીન ઉપર સીધા સેટોમાં જીત મેળવી હતી. જ્યારે ક્રિસ્ટીને બ્રિટનની રોબ્સન ઉપર જીત મેળવી હતી.